Ref. No. :G\VGuj\BRC\Comprehensive circular_BRC.doc

**રાજયના જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીઓ માટે**

પ્રતિ,

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,

________________ જિલ્લો

**વિષય : વાંચે ગુજરાત અભિયાન**

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા : આયોજન અને વ્યવસ્થા**

બાળકોમાં વાચન સંસ્કારના બીજ રોપાય અને વાચન એક ટેવ તરીકે વિક્સે, વાચન એમનો સ્વભાવ બને અને બાળકો જીવનનું ધ્યેય નક્કી કરે એ માટે વિશ્વ સમગ્રના બાળકોને માટે દીવા દાંડી સમાન બની રહે એવો અભિનવ નવતર પ્રયોગ ગુજરાતના આંગણે થઇ રહ્યો છે.

આ પ્રયોગમાં ગુજરાતની ૨૫૦૦૦ જેટલી શાળાઓના ૨૫.૦૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ, લગભગ ૧.૦૦ કરોડ જેટલા પુસ્તકોનું વાચન કરશે, પોતાના જીવનના ધ્યેય નક્કી કરશે. ૨૫૦૦૦ શાળાઓમાં વિચારમેળા ઉજવાશે અને શાળાઓમાંથી ગ્રંથયાત્રા નીકળશે. ઠેર ઠેર પુસ્તક પ્રદર્શન યોજાશે. વિચારોના ફુવારા ઉડશે.

વિશ્વભરમાં અજોડ અને અનોખી કહી શકાય એવી આ સ્પર્ધા અલગ અલગ આઠ વિભાગમાં “ચાર” સ્તરે યોજાશે. સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ શાળા સ્તરે યોજાશે. ત્યારબાદ CRC/QDC, BRC/SVS અને જિલ્લા કક્ષાએ યોજાશે. દરેક સ્તરે સ્પર્ધાના આયોજનની જવાબદારી, નિર્ણાયકોની નિમણુંકની જવાબદારી, વિગતવાર સમયપત્રક, કાર્યક્રમની સંપૂર્ણ સમજ આ સાથે સામેલ છે.

કાર્યક્રમની વિગતવાર માહિતી તેમજ શાળાએ કરવાની કામગીરીની વિગતો પણ આ સાથે સામેલ છે. દરેક શાળાને તેમજ આ અંગે CRC/QDC અને BRC/SVS કોઓર્ડીનેટરોને પણ યોગ્ય સૂચના આપવી અને દરેક શાળા CRC/QDC,

BRC/SVS આ કાર્યક્રમનું ગંભીરતાપૂર્વક આયોજન કરે તેની તકેદારી રાખવી અને એનું આયોજન અને નિયમન કરવું. આ માટે સમાજના અગ્રણીઓ, જિલ્લા અને તાલુકાની સમિતિના સભ્યોનો પણ સહયોગ મેળવવો.

જે કામગીરી CRC/QDC કે BRC/SVS કોઓર્ડીનેટરે કરવાની છે. તે અંગેની જાણ એમને કરવી. આ પરિપત્રની નકલ એમને પણ પહોચાડવી. જયારે BRC/SVS કક્ષાની અને જિલ્લા કક્ષાની સ્પર્ધાના આયોજન અને વ્યવસ્થાની તમામ જવાબદારી જે તે DEO/DPEO ની રહેશે.

જિલ્લા કક્ષાએ વિભાગવાર વિજેતાના નામ, વાંચેલા પુસ્તકોની યાદી, સરનામું, ફોન નંબર વિગેરે વિગતો તા. ૨૫/૦૧/૨૦૧૧ પહેલા જરૂરથી મોકલવી.

દરેક શાળાને આ કાર્યક્રમની જાણ કરતો પરિપત્ર આ સાથે સામેલ છે.

**આ પરિપત્રને બહોળી પ્રસિધ્ધી આપવી અને દરેક શાળાઓને આ પરિપત્ર તાત્કાલિક મોકલવો.**

આભાર સહ.

લિ.

શ્રી હસમુખ અઢિયા

અગ્ર સચિવ,

શિક્ષણ વિભાગ

પ્રતિ,
આચાર્યશ્રી / આચાર્યાશ્રી,

નમસ્કાર અને સ્નેહાદ્ર વંદન !

**વિષય : "વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત થનાર**

**"શ્રેષ્ઠ વાચક સ્પર્ધા"ના આયોજન અને વ્યવસ્થા સંદર્ભે**

બાળકોમાં વાચન સંસ્કારના બીજ રોપાય અને વાચન એક ટેવ તરીકે વિક્સે, વાચન એમનો સ્વભાવ બને અને બાળકો જીવનનું ધ્યેય નક્કી કરે એ માટે વિશ્વ સમગ્રના બાળકોને માટે દીવા દાંડી સમાન બની રહે એવો અભિનવ નવતર પ્રયોગ ગુજરાતના આંગણે થઇ રહ્યો છે.

વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત **"શ્રેષ્ઠ વાચક સ્પર્ધા"**માં સંમિલિત થવા બદલ આપને અને શાળા પરિવારને હાર્દિક અભિનંદન. આપની શાળાના વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે આપનો આ નિર્ણય મહત્ત્વનો અને ખૂબ ઉપયોગી બની રહેશે. વિદ્યાર્થી અને સમાજ આપનો ઋણી બનશે. વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત અને શ્રેષ્ઠ વાચક સ્પર્ધા નામના આપણાં અભિનવ પ્રયોગમાં ગુજરાતની મોટે ભાગની શાળાનાં ઘણાં ખરા શિક્ષકો ખરેખર ઉમદા-પ્રશંસનીય કામગીરી કરી રહ્યાં છે. આ સૌને અમારા હૃદયપૂર્વક વંદન અને સલામ હોજો. વિદ્યાર્થીઓના જીવન ઘડતરનો સાચો પાયો આપ નાંખી રહ્યાં છો.

આ પ્રયોગમાં ગુજરાતની ૨૫૦૦૦ જેટલી શાળાઓના ૨૫.૦૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ, લગભગ ૧.૦૦ કરોડ જેટલા પુસ્તકોનું વાચન કરશે, પોતાના જીવનના ધ્યેય નક્કી કરશે. ૨૫૦૦૦ શાળાઓમાં વિચારમેળા ઉજવાશે અને શાળાઓમાંથી ગ્રંથયાત્રા નીકળશે. ઠેર ઠેર પુસ્તક પ્રદર્શન યોજાશે. વિચારોના ફુવારા ઉડશે.

કુલ આશરે રૂ. ૨.૦૦ કરોડની કિંમતના ૧.૦૦ લાખ જેટલા ઇનામો, તમામ પુસ્તકોના સ્વરૂપે અપાશે. "૨૫" કરતા વધારે પુસ્તકો વાચનાર સ્પર્ધકો માટે પણ ખાસ આકર્ષણો છે.
**સ્પર્ધા તો એક માધ્યમ છે.** બાકી આ તો વાચન સંસ્કાર આરોપણનો યજ્ઞ છે. આ યજ્ઞમાં નિષ્ઠાપૂર્વક ભાગ લેનાર બાળકો, શાળાઓ અને શિક્ષકોને રાજ્ય સરકાર આશરે રૂ. ૨.૦૦ કરોડની કિંમતના પુસ્તકો ઇનામો તરીકે આપશે.આ નિમિત્તે ઘણી શાળાઓ અમૂલ્ય પુસ્તકો ખરીદી રહી છે. અને શાળાનાં પુસ્તકાલયને વધુને વધુ સમૃધ્ધ કરી રહ્યાં છે.આ અભિનવ વાચનયજ્ઞરૂપી નવતર પ્રયોગના કાર્યશીલ હોતા બનવા બદલ આપને અભિનંદન. આપે સુંદર કામગીરી બજાવી જ છે.

એમ છતાં આ અભિયાનને હજી વધુ સફળ બનાવવા, આપે જો હજી સુધી નીચે જણાવેલ કામગીરી  ન કરી હોય તો જરૂરથી કરશો એવી અપેક્ષા છે.

(૧) સમગ્ર પ્રોજેક્ટ માટે ૧૫૦ વિદ્યાર્થીદીઠ એક વિદ્યાર્થીની ગ્રંથસારથિ તરીકે નિમણૂંક કરો.

(૨) વધારેમાં વધારે વિદ્યાર્થીઓ વધારે ને વધારે પુસ્તકો વાંચી સ્પર્ધામાં ભાગ લે, એવી તૈયારીઓ આજથી જ શરૂ કરો.

(૩) વાચનયજ્ઞ માટે જરૂરી એવા પુસ્તકોની શક્ય હોય તો ખરીદી કરો.

(૪) શાળાના બધા જ, ૧૦૦% વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે એ માટે તાત્કાલિક ‘‘પ્રેરણાસભા’’નું આયોજન કરો એ માટે જિલ્લા-તાલુકા સમિતિનો સંપર્ક કરો. સભા ન થઇ હોય તો પ્રેરણા સભા તાત્કાલિક ગોઠવશોજી.

(૫) આપની શાળામાં ઓછામાં ઓછી એક વિચાર-વાચન શિબિરનું આયોજન કરો.

(૬) ધો-૧૦ / ધો-૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષામાં મદદરૂપ થાય એવા સંદર્ભ પુસ્તકો વાંચીને, સ્પર્ધામાં જોડાવા પ્રેરણા આપો અને એમને સ્પર્ધાથી વિમુખ ન રાખો.

(૭) શાળામાં દરેક વર્ગમાં અઠવાડિયામાં એકવાર ‘‘મને ગમતું પુસ્તક વાર્તાલાપ’’ કાર્યક્રમ શરૂ કરી અભિયાનની ભાવનાને કાર્યાન્વિત કરશો.

(૮) પુસ્તકો લેવા માટે વિદ્યાર્થીઓને સામૂહિક રીતે લાયબ્રેરીમાં લઇ જાવ અથવા પુસ્તકો આપવાની વ્યવસ્થા કરો.

(૯) સમગ્ર પ્રોજેક્ટનાં આયોજન માટે સ્ટાફ મીટીંગ કરી વ્યૂહરચના નક્કી કરો.

**આપને એ સુવિદિત છે કે ‘‘શ્રેષ્ઠ વાચક સ્પર્ધા’’ ડીસેમ્બરમાં યોજાનાર છે. એ માટે બાળકો હજી પણ પુસ્તકો વાંચી શકે છે. અને દિવાળી વેકેશન દરમ્યાન હજી એને ઘણાં પુસ્તકો વાંચવાની તક છે. માટે હવે આપણે દિવાળી વેકેશન દરમ્યાન બાળક વધારે ને વધારે પુસ્તકો વાંચે એ માટે ખાસ ઝુંબેશ / અભિયાન ચલાવવાની જરૂર છે.**

❖ **આપ આટલું કરશો તો અમને ઘણો આનંદ થશે :**

(૧) વધારે ને વધારે વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાય એ માટે એમને પ્રોત્સાહિત કરો. શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ભાગ લેવા જોઇએ.

(૨) શાળાની લાયબ્રેરી પણ દિવાળી વેકેશનમાં ખાલી કરી નાંખો. વિદ્યાર્થીઓના નાના નાના સમૂહ બનાવી, પુસ્તકો એમને વાંચવા આપી દો. દરેક જુથ દીઠ વિદ્યાર્થી લાયબ્રેરીયનની નિમણુંક કરો, જેથી વિદ્યાર્થીઓ વેકેશનમાં જુથની અંદરો અંદર પુસ્તકોની અદલાબદલી કરી શકે.

(૩) **શાળાની લાયબ્રેરી વેકેશન દરમ્યાન શક્ય હોય તો ચાલુ રાખો.**

(૪) ટુંકમાં શાળાની લાયબ્રેરીના પુસ્તકો વેકેશન દરમ્યાન કોઇપણ રીતે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવશો.

(૫) ધો. ૧૦, ૧૨ના વિદ્યાર્થીને સંદર્ભ પુસ્તકો વાંચવા આપો, જે એમને અભ્યાસમાં પણ મદદરૂપ થશે.

(૬) શાળા કક્ષાની શ્રેષ્ઠ વાચક સ્પર્ધા તા. ૭ થી ૧૧ ડીસેમ્બર આસપાસ યોજાશે.

(૭) અમને શ્રધ્ધા છે આપની શાળાના બધા જ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ભાગ લે એવા નિષ્ઠાપૂર્વકના આપના અને આપની ટીમના પ્રયત્નો રહેશે.

વિચાર વાચન શિબિરો, વિચાર મેળા, પ્રેરણાસભા જેવા આનુષંગિક કાર્યક્રમો દ્વારા શાળામાં વાચન ભૂખ જાગી છે. સમગ્ર પ્રયોગની આખરી ઉજવણી અને વાચન સ્પર્ધા **ડીસેમ્બર માસના પહેલાથી / ત્રીજા અઠવાડીયા** દરમ્યાન યોજાશે.

**વાચક સ્પર્ધાના વિભાગઃ**

**વાચક સ્પર્ધાના આઠ વિભાગ હશે.** ધોરણઃ ૫થી ૧૨

**સ્પર્ધા ચાર સ્તરે યોજાશે**

| **પ્રાથમિક માટે** | **માધ્યામિક માટે** |
|---|---|
| શાળા સ્તરે | શાળા સ્તરે |
| CRC સ્તરે | QDC સ્તરે |
| BRC સ્તરે | SVS સ્તરે |
| જિલ્લા સ્તરે | જિલ્લા સ્તરે |

દરેક ધોરણ દીઠ, સ્પર્ધાનો અલગ વિભાગ રહેશે. દરેક વિભાગ માટે, દરેક સ્તરે સ્પર્ધા થશે. ઇનામો પણ અપાશે.

૧. પ્રથમ રાઉન્ડ જે તે શાળામાં દરેક વિભાગ દીઠ (દરેક ધોરણ દીઠ) અલગ અલગ થશે.

૨. દરેક વિભાગ દીઠ શાળામાં જેટલા વર્ગ હોય એટલા વિદ્યાર્થી વિજેતા જાહેર થશે અને એ વિદ્યાર્થીઓ શાળાનું પ્રતિનિધિત્વ "CRC / QDC" સ્તરે કરશે. દા.ત. _ ધો. ૫ ના ૩ વર્ગ હોય, તો ૩ વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થશે.

૩. ૨૫ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં "બાય"આપવામાં આવી છે. એટલે એમને સીધા જ CRC/QDC સ્તરની સ્પર્ધા માટે મોકલવા. આમ કરતાં એક વર્ગમાં એક કરતા વધારે વિદ્યાર્થીઓ હોય તો પણ એક કરતા વધારે વિદ્યાર્થીઓને CRC /QDC કક્ષાની સ્પર્ધા માટે મોકલવા. એઓ સ્પર્ધામાં ભાગ ન લેતા સીધા વિચારગોષ્ઠિ માટે જશે (જો આયોજન થયું હોય તો).

૪. બીજા રાઉન્ડમાં “CRC / QDC” સ્તરે સ્પર્ધા યોજાશે. જેમાં જે તે CRC / QDC ની અંતર્ગત આવતી દરેક શાળાના વિજેતા વિદ્યાર્થીઓ ભાગ લેશે. દરેક વિભાગ દીઠ અલગ સ્પર્ધા યોજાશે.

૫. દરેક CRC / QDC માંથી દરેક વિભાગ દીઠ એક વિજેતા જાહેર કરવામાં આવશે. વિજેતા બાળક જે તે વિભાગ માટે એની આગળની સ્પર્ધામાં જે તે CRC / QDC નું પ્રતિનિધિત્વ કરશે.

૬. ત્રીજો રાઉન્ડ “BRC / SVS” સ્તરે યોજાશે. જેમાં જે તે “BRC / SVS” માં આવેલ તમામ “CRC / QDC” ના પ્રથમ વિજેતા ભાગ લેશે.(દરેક વિભાગ દીઠ એટલે કે બધા જ આઠ વિભાગો)

૭. દરેક “BRC / SVS” માંથી પ્રથમ ૩ વિજેતા જાહેર કરવામાં આવશે. વિજેતા બાળક જે તે વિભાગ માટે એ “BRC / SVS” નું પ્રતિનિધિત્વ જિલ્લા સ્તરની સ્પર્ધા માટે કરશે.

૮. દરેક જિલ્લા સ્તરે, જિલ્લાના કુલ “BRC / SVS” ના પ્રથમ “૩” વિજેતાઓની સ્પર્ધા જે તે વિભાગ માટે અલગ યોજાશે.

૯. દરેક જિલ્લામાંથી પ્રથમ પાંચ વિજેતા જાહેર કરવામાં આવશે, વિજેતા બાળક જે તે વિભાગ માટે જે તે જિલ્લાનું રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

૧૦. રાજય કક્ષાએ દરેક જિલ્લાના પ્રથમ પાંચ વિજેતા વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહ અને ૩ દિવસોની શિબિર યોજાશે.

આ વિદ્યાર્થીઓ માટે શિબિર દરમ્યાન વિચારગોષ્ઠિઓ યોજાશે જેમાં પ્રસિધ્ધ વૈજ્ઞાનિક, સાહિત્યકાર, કેળવણીકાર, ઉદ્યોગપતિ, તેમજ અન્ય ક્ષેત્રોમાં સફળ એવી વ્યકિતઓ જોડે રૂબરૂ ચર્ચા-વિચારણા અને મુલાકાત ગોઠવવામાં આવશે.

રાજયકક્ષાની શિબિર ધો. ૫ થી ૧૧ ના બાળકો માટે કોઇ એક સ્થળે ફેબ્રુઆરી માસમાં યોજાશે. ધો. ૫ થી ૧૧ના તમામ વિદ્યાર્થીઓ એક સ્થળે ભેગા થશે. પરંતુ એમની તમામ બેઠકો પ્રાથમિક અને માધ્યમિક વિભાગ માટે અલગ અલગ થશે.(ઉદ્દ્ઘાટ્ન અને સમાપન સિવાય)

ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ માટે મે માસમાં યોજાનાર શિબિરો માં ભાગ લેશે. તેમ છતાં વૈકલ્પિક રીતે એમણે શાળાની શિબિરોમાં પણ જો જોડાવુ હોય, તો પસંદગી જે તે વિદ્યાર્થીની રહેશે.

**ખૂબ અગત્યનું :**

**નોન ગ્રાન્ટેડ/ અન્ય બોર્ડની શાળાઓનો સમાવેશ જો CRC / QDC માં ન થયો હોય તો, તેમને અલગ અલગ CRC / QDC માં ફાળવવા અથવા ૧૦ - ૧૦ નોન ગ્રાન્ટેડ શાળાઓનું અલગ જુથ આ સ્પર્ધા પુરતું ઉભુ કરવું.**

**સ્પર્ધા આયોજન :**

- ધોરણવાર ૨૫ વિદ્યાર્થીઓ દીઠ અલગ રૂમની વ્યવસ્થા
- સ્પર્ધાની સંખ્યાને આધારે બેઠક વ્યવસ્થા ગોઠવવી
- શાળા કક્ષાની સ્પર્ધા બે થી ત્રણ કલાકમાં પૂરી કરવી
- પહેલા રાઉન્ડનું પરીણામ _ વિજેતા વિદ્યાર્થીઓની યાદી - વાંચેલા પુસ્તકોની યાદી સાથે CRC /QDC પ્રતિનિધિને તા. ૧૨/૧૨/૨૦૧૦ સુધીમાં પહોચાડવું.
- **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને વંચાયેલા પુસ્તકોની સંખ્યા તેમજ એની યાદી અને ડેટા એન્ટ્રી :** શાળા કક્ષાએ વિજેતા થનાર વિદ્યાર્થીઓની યાદી, તેમજ એમણે વાંચેલા પુસ્તકોની યાદી વાંચે ગુજરાતની વેબસાઇટ પર ઓનલાઇન ભરવી દરેક શાળા માટે ફરજિયાત છે. અન્ય વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની યાદી પણ શાળા ઇચ્છે તો ઓનલાઇન એન્ટ્રી કરી શકશે. પરંતુ દરેક વિભાગ દીઠ શાળામાંથી ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા, શાળાના કુલ વિદ્યાર્થી સંખ્યા ધોરણવાર અને તેમણે વાંચેલા પુસ્તકોની સંખ્યા આટલી માહિતીની ડેટા એન્ટ્રી કરવી દરેક શાળા માટે ફરજિયાત છે.
- શાળાના દરેક વિદ્યાર્થીને એણે વાંચેલા પુસ્તકોની યાદી લેખકના નામ સહિત બે નકલમાં આપવા માટે જણાવવું. આ યાદી સ્પર્ધાના દસ દિવસ પહેલા વિદ્યાર્થી પાસેથી મેળવી લેવી અને એક નકલ નિર્ણાયકોને મોકલવી અને એક નકલ શાળામાં રાખવી.

**ઈનામો**

**૧. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા માટે :** (દરેક વિભાગ દીઠ)

| | **BRC / SVS કક્ષાએ** | **જિલ્લા કક્ષાએ** |
|---|---|---|
| પ્રથમ | **૫૦૧** | **૧૦૦૧** |
| દ્વિતીય | **૩૫૧** | **૭૫૧** |
| તૃતીય | **૨૫૧** | **૫૦૧** |
| પ્રોત્સાહન (દસ ઇનામો ) | **૧૦૧** | **૧૫૧** |

**શ્રેષ્ઠ શાળાની પસંદગી (શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અંતર્ગત) નીચે પ્રમાણે કરવામાં આવશે.**

૧. જે શાળામાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા (પ્રાથમિક માટે ધો. ૫ થી ૭/ ૮ અને માધ્યમિક માટે ધો. ૮ થી ૧૨) અનુસાર પ્રતિ વિદ્યાર્થી વધારેમાં વધારે પુસ્તકો વંચાય તે શાળા પુરસ્કાર મેળવવાને પાત્ર ઠરશે.

**દા.ત. :**

| | શાળા-૧ | શાળા-૨ |
|---|---|---|
| કુલ વિદ્યાર્થી સંખ્યા (ધો. ૮ થી ૧૨) | ૫૦૦ | ૧૦૦૦ |
| સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થી | ૮૦ | ૧૦૦૦ |
| ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા કુલ વંચાયેલ પુસ્તકો | ૧૦૦૦ | ૩૦૦૦ |
| પ્રતિ વિદ્યાર્થી વંચાયેલ પુસ્તકોની સંખ્યા | ૨.૦૦ | ૩.૦૦ |

ઉપરના કેસમાં શાળા-૨ વિજેતા જાહેર થશે.

**શ્રેષ્ઠ શાળા પુરસ્કાર :**

**શ્રેષ્ઠ શાળા ( શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અંતર્ગત ) :**

**શ્રેષ્ઠ શાળા**

| | **BRC / SVS કક્ષાએ** | **જિલ્લા કક્ષાએ** |
|---|---|---|
| પ્રથમ | **૫૦૦૧** | **૫૦૦૧** |
| દ્વિતીય | **૨૫૦૧** | **૩૫૦૧** |
| તૃતીય | **૧૫૦૧** | **૨૫૦૧** |
| પ્રોત્સાહન | --- | **૫૦૧** |
| (બે ઇનામો) | | **(દસ)** |

**નિર્ણાયકોની નિમણુંક :**

નિર્ણાયકોની નિમણુંક કોણ કરી શકશે તેની માહિતી આ સાથેના પરિપત્રમાં આપવામાં આવી છે. આથી જેમને આ જવાબદારી સોંપવામાં આવી હોય તેમણે વેળાસર નિર્ણાયકોની નિમણુંક કરી તેમને જાણ કરવી. નિર્ણાયકો તરીકે શહેર /

ગામના સારા વાચકો, કોલેજના પ્રાધ્યાપકો, નિવૃત્ત શિક્ષકો અને અન્ય શાળાના શિક્ષકોની પણ સેવા લઇ શકાશે. નિર્ણાયકોને એમની નિમણુંક અંગેનો પત્ર, જરૂરી વિગતો અને માહિતી સાથે પહોંચાડવી. મૂલ્યાંકન પત્ર અવશ્ય પહોંચાડવું. જરૂર જણાય તો નિર્ણાયકોની એક બેઠક કરી અભિયાનની માહિતી અને સ્પર્ધાની તમામ વિગતો અને એમણે કરવાની કામગીરીની સમજ પણ આપવી.

**શ્રેષ્ઠ શાળાની પસંદગી :**

શ્રેષ્ઠ શાળાની પસંદગી DEO / DPEO (જે લાગુ પડતું હોય તે)અને જિલ્લા સમિતિના પ્રમુખ અને મંત્રી સંયુક્તપણે કરશે.

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા શરૂ કરતા પહેલા દરેક શાળા નીચેના કાર્યક્રમોનું આયોજન કરશે :**

૧. પ્રેરણાસભા / વિચારમેળો
૨. ગ્રંથયાત્રા
૩. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
૪. વિચારગોષ્ઠિ ( ૨૫ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે, શકય હોય તો આ આયોજન કરવું.)

**સ્પર્ધાની નીચે જણાવેલ મુદ્દાઓની વિગતવાર માહિતિ આ સાથે અલગ સામેલ કરેલ છે.**

૧. સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ
૨. ગ્રંથયાત્રાની માહિતી
૩. ગોષ્ઠિ અંગેની માહિતી
૪. નિર્ણાયકોની નિમણુંક માટેના સૂચનો
૫. નિર્ણાયકોની નિમણુંકનો પત્ર
૬. શ્રેષ્ઠ વાચક સ્પર્ધાનો કાર્યક્રમ
૭. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા માટે મૂલ્યાંકનપત્ર
૮. ડેટા એન્ટ્રીનો નમૂનો
૯. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા-ઉદ્‌ઘાટન સમારંભની કાર્યસૂચિ

**શાળાઓ એ કરવાની તૈયારી. વિચાર મેળા માટે (શ્રેષ્ઠ વાચક સ્પર્ધા શરૂ કરતા પહેલા એટલે કે ગ્રંથયાત્રા શરૂ થવા અગાઉ શાળામાં વિચારમેળાનું આયોજન કરવું)**

યોગ્ય શામિયાણો - જો જરૂર જણાય તો, સ્ટેજ પર  મહેમાનો માટે બેસવાની વ્યવસ્થા, સ્ટેજ પર ખુરશી + ટેબલ, દિપ પ્રજ્જવલન માટે દીવો, મીણબત્તી, દિવાસળી વિગેરે, અભિયાનના બેનર, વિદ્યાર્થીઓ માટે બેસવાની સગવડ, માઇકની યોગ્ય વ્યવસ્થા, પત્રકારો માટે અલગ વ્યવસ્થા, મહેમાનોના સ્વાગત માટે પુસ્તકો / વૃક્ષના રોપા.

**<u>શાળા કક્ષાની શ્રેષ્ઠ વાચક સ્પર્ધા</u> :**

શાળા કક્ષાની સ્પર્ધા તા. ૭ થી ૧૧ ડીસેમ્બર દરમ્યાન જે તે શાળામાં યોજાશે. આ સ્પર્ધા શરૂ થતા પહેલા દરેક શાળામાંથી પોતપોતાની અલગ ગ્રંથયાત્રા નીકળશે.

**<u>ગ્રંથયાત્રા</u>**

૧. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ જ ગ્રંથયાત્રામાં જોડાઇ શકશે.

૨. ગ્રંથયાત્રા પ્રસ્થાન પહેલા શાળામાં એક " વિચાર મેળો" / પ્રેરણાસભાનું આયોજન થશે.

૩. વિચાર મેળામાં નિષ્ણાંતો દ્વારા પુસ્તક મહાત્મ્ય તેમજ જીવનના ધ્યેય વિશે પ્રવચન અપાશે.

૪. ૨૫ થી વધારે પુસ્તકો વાંચનાર  વિદ્યાર્થીઓના વાલીઓને ગ્રંથયાત્રાના સ્વાગત માટે જણાવવુ. શકય હોય તો એમને ખાસ નિમત્રાણ પણ મોકલવું.

**ગ્રંથયાત્રા માટે નીચેની બાબતોનું ધ્યાન રાખશો**

1. ગ્રંથયાત્રા સમયસર નીકળવી જોઇએ અને નિર્ધારિત સમયે પહોચે તેવી વ્યવસ્થા / આયોજન કાળજીપૂર્વક કરવું.
2. **ગ્રંથયાત્રાનું નેતૃત્વ શાળામાં સૌથી વધુ પુસ્તક વાંચનાર વિદ્યાર્થી કરશે.  જે શાળાનું પ્લેકાર્ડ લઇ ચાલશે.**
3. ગ્રંથયાત્રામાં " પુસ્તક વાંચન"અંગેના સૂત્રો / પ્લેકાર્ડસ્ જરૂરથી રાખવા. આ અંગેની સીડી તાલુકા સમિતિ પાસેથી મળી શકશે. વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.
4. સ્પર્ધાના સૂત્રોના બેનરો શકય હોય તો બનાવડાવવા.
5. શાળાનું બેન્ડ હોય તો સાથે રાખવું. પરંતુ **માત્ર દેશભકિતના ગીતો જ** વગાડવા.
6. ગ્રંથયાત્રામાં ૨૫ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને આગળ રાખવા.
7. કોઇપણ સ્થળે ટ્રાફીક જામ ન થાય એ રીતે ગ્રંથયાત્રાનું નિયમન કરવું. ગ્રંથયાત્રા માટે જરૂરી પરવાનગી અગાઉથી મેળવી લેવી અને સ્થાનિક પોલીસને જાણ કરવી.
8. ગ્રંથયાત્રામાં યોગ્ય સૂત્રોચાર કરાવવા.

**<u>વિચાર ગોષ્ઠિઓનું આયોજન</u>**

૧. ૨૫ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાની સ્પર્ધા દરમ્યાન ખાસ વિચાર ગોષ્ઠિઓનું આયોજન શકય હોય તો કરવું.

૨. આ ગોષ્ઠિમાં બે થી ત્રણ જેટલા મહાનુભવો સાથે ૨ થી ૩ કલાકનો વાર્તાલાપ યોજવો.
૩. બાળકો, મહાનુભાવોને પોતાને મૂઝવતાં, એમની કારકિર્દી / જીવન અંગે અને મહાનુભાવોની સફળતાના કારણો અંગે પ્રશ્નો પૂછશે / વાર્તાલાપ કરશે.
૪. ગોષ્ઠિ માટે અલગ બેઠક વ્યવસ્થા કરવી.
૫. ગોષ્ઠિ માટે વિદ્યાર્થીઓને શું પ્રશ્ન પૂછવા તે માટેની જરૂરી તાલીમ આપશો, તો બાળકોને જરૂરથી ફાયદો થશે અને ગોષ્ઠિ લાભદાયક નીવડશે.
૬. ગોષ્ઠિમાં માત્ર ૨૫ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ જ સામેલ થઇ શકશે. એમને અગાઉથી જાણ કરવી.

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને આપવાની સૂચનાઓ**

૧. સંપૂર્ણપણે શિસ્ત, શાંતિ જાળવવી.
૨. દફતર, પુસ્તકો સાથે નહી લાવવા અને વાંચેલા પુસ્તકોની યાદી સાથે રાખવા સૂચના આપવી.
૩. તમામ શિક્ષકો પણ ગ્રંથયાત્રામાં જોડાશે.
૪. સ્પર્ધા પૂરી થયા બાદ શાંતિથી વિદ્યાર્થીઓને ઘરે જવા સૂચના આપવી.
૫. જે વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડમાં એટલે કે વર્ગમાં જીતે તેમને બીજા રાઉન્ડમાં એટલે કે CRC / QDC કક્ષાએ સ્થળ, તારીખ વગેરે જણાવી હાજર રહેવા સૂચના આપવી.

**CRC / QDC/ SVS / BRC તેમજ જિલ્લા કક્ષાની સ્પર્ધાએ અને રાજયકક્ષાનો સન્માન સમારોહ :**

૧. શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં જે તે રાઉન્ડના વિજેતા વિદ્યાર્થીઓને આગળની સ્પર્ધા ક્યાં અને ક્યારે છે તેની માહિતી આપી ત્યાં હાજર રહેવા સૂચના આપશોજી.
૨. તમામ પરિણામો જે તે સ્પર્ધા સ્થળે જ જાહેર કરવા.

**<u>ઈનામોના પુસ્તકો અંગે :</u>**

દરેક વિદ્યાર્થી અને શાળાને આપવામાં આવનાર ઇનામો પુસ્તકો સ્વરૂપે અપાશે. આ માટે જે તે ઇનામ માટે નિર્ધારિત કરેલી રકમની કુપન વિજેતા વિદ્યાર્થી / શાળાને આપવામાં આવશે. વિજેતા વિદ્યાર્થી / શાળા કુપનની કિંમતના પુસ્તકોની ખરીદી આ માટે યોજવામાં આવનાર ખાસ પુસ્તકમેળામાંથી કરી શકશે. વિદ્યાર્થીઓ પુસ્તકની ખરીદી કરી શકે એ માટે દરેક જિલ્લામાં એક / બે જગ્યાએ ગુજરાત પ્રકાશક મંડળના સહયોગથી પુસ્તક મેળાઓ યોજાશે. વિજેતાઓ આ કુપન રજૂ કર્યેથી કોઇપણ રકમ ચૂકવ્યા વિના પુસ્તકોની ખરીદી કરી શકશે. પૂસ્તક મેળાની તારીખની જાણ અગાઉથી કરવામાં આવશે. ઇનામની રકમની કુપનો જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને પહોંચાડવામાં આવશે. આ કુપન પર કચેરીના અધિકૃત અધિકારીની સહી હોવી જરૂરી છે.

આ તમામ સૂચનાઓનો વિગતે અભ્યાસ કરી કાળજીપૂર્વક અમલ કરવા નમ્ર વિનંતી છે.

પુસ્તક વાચનના આ અવનવા પ્રયોગો એક શાંત ક્રાંતિનું નિર્માણ કરી રહ્યા છે.  ચાલો આપણે સૌ આ ક્રાંતિના આવાહક બનીએ. પરમકૃપાળુ પરમાત્મા આપ સૌને એ માટે પ્રેરણા અને શક્તિ આપે એજ અભ્યર્થના.

સહકારની અપેક્ષા સહ,

આભાર સહ,

લિ.
આપના સ્નેહાધીન,

**હર્ષદભાઇ શાહ,**
સહઉપાધ્યક્ષ
વાંચે ગુજરાત અભિયાન

**મહાદેવ દેસાઇ,**
માનદ્ મંત્રી
વાંચે ગુજરાત અભિયાન

**શ્રી હસમુખ અઢિયા**
અગ્રસચિવ, શિક્ષણ વિભાગ,
ગુજરાત રાજ્ય

# વાંચે ગુજરાત

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
## (શાળા સ્તરની)
## એક અભિનવ નવતર પ્રયોગ

## ઉદ્દ્ઘાટન સમારંભ – કાર્યસૂચિ

**તા.** **સમય :**

| | **કાર્યક્રમ** | | |
|---|---|---|---|
| ૧. | વંદેમાતરમ્ | | ૨ |
| ૨. | પ્રાર્થના | | ૫ |
| ૩. | સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન<br>(શ્રેષ્ઠ વાચક સ્પર્ધા હેતુ, હેવાલ, ઉપલબ્ધિ અને ભાવિ દિશા) | શાળાના આચાર્ય | ૫ |
| ૪. | પુસ્તકો દ્વારા મહેમાનોનું સ્વાગત | | ૨ |
| ૫. | ઊદ્દ્ઘાટન | | ૨ |
| ૬. | અતિથિ વિશેષનું વાચન પ્રેરણા માટેનું પ્રવચન | | ૩૦ |
| ૭. | આભાર વિધિ | | ૩ |
| ૮. | રાષ્ટ્રગીત | | ૧ |
| ૯. | ગ્રંથયાત્રા પ્રસ્થાન | | ૫ |
| ૧૦. | ગ્રંથયાત્રા | | ૩૦ |
| ૧૧. | ગ્રંથયાત્રાનું સ્વાગત | | ૫ |
| ૧૨. | શાળાના અલગ અલગ વર્ગમાં સ્પર્ધા, | | ૬૦ |
| | **કુલ** | | **૧૫૦** |
| ૧૩. | ગ્રંથયાત્રા પધાર્યા બાદ યોજાનાર વિચાર ગોષ્ઠિ<br>(૨૫ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે, એઓ સ્પર્ધામાં ભાગ લેશે નહી, એઓ સીધા CRC / QDC કક્ષાની સ્પર્ધા માં જશે)<br>સ્પર્ધકો પૈકી વિદ્યાર્થીઓ જેમણે ૨૫ કરતા વધારે પુસ્તકો વાંચ્યા છે, તેમની સાથે વિભાગના સફળ મહાનુભવો સાથે વિચારગોષ્ઠિનું આયોજન શકય હોય તો કરવું. | | |

# વાંચે ગુજરાત અભિયાન

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા : પ્રાથમિક શાળાઓ માટે

### સમય પત્રક

| અનુ. નંબર | ક્યા સ્તરે | સમય પત્રક | આયોજનની જવાબદારી | નિર્ણાયકોની નિમણુક કોણ કરશે | વિચાર ગોષ્ઠિ/ વિચાર મેળો / ગ્રંથ યાત્રા |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ રાઉન્ડ શાળા સ્તરે | તા. ૧૬/૧૨/૨૦૧૦ થી તા. ૨૩/૧૨/૨૦૧૦ | શાળાના આચાર્ય/ CRC કો - ઓર્ડિનેટર | CRC કો-ઓર્ડિનેટર - કેળવણી નીરીક્ષક | |
| ૨. | બીજો રાઉન્ડ CRC સ્તરે | તા. ૨૭/૧૨/૨૦૧૦ થી તા. ૩૦/૧૨/૨૦૧૦ | CRC / BRC/ કો ઓર્ડિનેટર | DPEO / તાલુકા સમિતિ | |
| ૩. | ત્રીજો રાઉન્ડ BRC સ્તરે | તા. ૦૩/૦૧/૨૦૧૧ | DPEO | DPEO / જિલ્લા સમિતિ | |
| ૪. | ચોથો રાઉન્ડ જિલ્લા કક્ષાએ | તા. ૨૦/૦૧/૨૦૧૧ | DPEO | DPEO /જિલ્લા સમિતિ | |
| ૫. | રાજ્ય સન્માન સમારોહ; રાજ્ય કક્ષાએ | તા.૪,૫,૬ ફેબ્રુઆરી | Director of Pri Edu. | State Exe. Committee (મહેમાનોને નિમંત્રાણ) | |

- નિર્ણાયકોની નિમણુંક અંગેની જાણ શાળાને તેમજ નિર્ણાયકોને કરવાની જવાબદારી CRC કોઓર્ડીનેટરની રહેશે. આગળની સ્પર્ધા માટે એ જવદ્બદારી DPEO ની રહેશે.

# વાંચે ગુજરાત અભિયાન

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા : માધ્યમિક શાળાઓ માટે

### સમય પત્રક

| અનુ. નંબર | ક્યા સ્તરે | સમય પત્રક | આયોજનની જવાબદારી | નિર્ણાયકોની નિમણુક કોણ કરશે | વિચાર ગોષ્ઠિ/ વિચાર મેળો /ગ્રંથ યાત્રા, પુસ્તક પ્રદર્શન |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ રાઉન્ડ શાળા સ્તરે | તા. ૦૨/૧૨/૨૦૧૦ થી તા. ૦૮/૧૨/૨૦૧૦ | શાળાના આચાર્ય/ QDC કો - ઓર્ડિનેટર | QDC કો - ઓર્ડિનેટર /EI | |
| ૨. | બીજો રાઉન્ડ QDS સ્તરે | તા. ૧૪/૧૨/૨૦૧૦ થી તા. ૧૮/૧૨/૨૦૧૦ | QDC<br>SVS/ કો ઓર્ડિનેટર | DEO / તાલુકા સમિતિ | |
| ૩. | ત્રીજો રાઉન્ડ SVS સ્તરે | તા. ૨૧/૧૨/૨૦૧૦ | DEO | DEO / જિલ્લા  સમિતિ | |
| ૪. | ચોથો રાઉન્ડ જિલ્લા કક્ષાએ | તા. ૨૦/૦૧/૨૦૧૧ | DEO | DEO /જિલ્લા સમિતિ | |
| ૫. | રાજ્ય સન્માન સમારોહ; રાજ્ય કક્ષાએ | તા.૪,૫,૬ ફેબ્રુઆરી | Com. Of school | State Exe. Committee (મહેમાનોને નિમંત્રણ) | |

- નિર્ણાયકોની નિમણુંક અંગેની જાણ શાળાને તેમજ નિર્ણાયકોને કરવાની જવાબદારી QDC કોઓર્ડીનેટરની રહેશે. આગળની સ્પર્ધા માટે એ જવદ્બદારી DEO ની રહેશે.

**વાંચે ગુજરાત અભિયાન**

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા**

**<u>મૂલ્યાંકન પત્ર</u>**

**જિલ્લો :**

**BRC/SVS નું નામ :** **CRC/QDC નું નામ :** **ગામ / શહેરનું નામ :**

**ધોરણ :**

**પ્રથમ રાઉન્ડ :**

૧) સમગ્ર રાજ્યમાં ધો. ૫ ના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ] સમગ્ર રાજ્યમાં બધાં જ ધોરણના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ]

૨) સમગ્ર જિલ્લામાં ધો. ૫ ના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ] સમગ્ર જિલ્લામાં બધાં જ ધોરણના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ]

| *અનું. નંબર | **સ્પર્ધક નંબર | વિદ્યાર્થીનું નામ | શાળા નંબર | વિદ્યાર્થીનો રોલ નંબર | વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની સંખ્યા | વાંચેલા કુલ પાનાની સંખ્યા | મૂલ્યાંકન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | વાંચેલા પુસ્તકો / પાનાની સંખ્યા | પુસ્તકોની ગુણવત્તા | ગ્રહણશક્તિ | સમગ્રછાપ | કુલ | ***આગળના રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવે છે. |
| | | | | | | | ૩૦ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ | |
| ૧ | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | | |
| ૧૧ | | | | | | | | | | | | |
| ૧૨ | | | | | | | | | | | | |
| ૧૩ | | | | | | | | | | | | |
| ૧૪ | | | | | | | | | | | | |
| ૧૫ | | | | | | | | | | | | |
| ૧૬ | | | | | | | | | | | | |
| ૧૭ | | | | | | | | | | | | |
| ૧૮ | | | | | | | | | | | | |
| ૧૯ | | | | | | | | | | | | |
| ૨૦ | | | | | | | | | | | | |
| ૨૧ | | | | | | | | | | | | |
| ૨૨ | | | | | | | | | | | | |
| ૨૩ | | | | | | | | | | | | |
| ૨૪ | | | | | | | | | | | | |
| ૨૫ | | | | | | | | | | | | |

**બિડાણ :** ઉપરોક્ત વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની યાદી આ સાથે સામેલ છે.

* ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૩૭ની સંખ્યા રાખવી.

** સ્પર્ધક નંબર ધોરણવાર / CRC/QDC + BRC/SVS વાર આપવો.

- આ ફોર્મ દરેક નિર્ણાયકને આપવું.

# વાંચે ગુજરાત અભિયાન

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા

## વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની યાદી

જિલ્લો :

**BRC/SVS નું નામ :** **CRC/QDC નું નામ :** ગામ / શહેરનું નામ :

ધોરણ :

અનું. નંબર : સ્પર્ધક નંબર :

વિદ્યાર્થીનું નામ : શાળા નંબર :

રોલ નંબર :

| અનું. નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | પાનાની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# વાંચે ગુજરાત

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા

## નિર્ણાયકોની નિમણૂક માટે નમૂનાનો પત્ર અને કરવાની કામગીરી અંગે માહિતી.

પ્રતિ,
શ્રી

સ્નેહી શ્રી,

**વિષય : વાંચે ગુજરાત અભિયાન-શ્રેષ્ઠ વાચક સ્પર્ધા-નિર્ણાયક તરીકેની સેવાઓ**

(૧) શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપવા માટે આપે સંમતિ આપી, તે બદલ અમો આપનું નતમસ્તકે ઋણ સ્વીકારીએ છીએ અને આપે આપેલ સહકાર બદલ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

(૨) આપે બે કલાક થી ત્રાણ કલાક સેવા આપવાની છે અને એ દરમિયાન ૨૫ થી ૫૦ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું છે.

(૩) આપશ્રી આ સમગ્ર પ્રયોગમાં / અભિયાનમાં નિર્ણાયક તરીકે નહી પરંતુ એક **પુસ્તકપ્રેમી પ્રેરણામૂર્તિ** તરીકે જઇ રહ્યા છો, આપની મુલાકાતમાં બાળકને વધારેને વધારે વાંચવા પ્રેરણા આપશો અને એની વાચનયાત્રા હવે પછી હંમેશ માટે ચાલુ રહે એવી પ્રેરણા આપશો.

(૪) પ્રથમ રાઉન્ડની સ્પર્ધા શાળાના દરેક વર્ગમાં થશે.

(૫) **માનનીય નિર્ણાયકોને નમ્ર વિનંતી.**

(૧) વિદ્યાર્થીઓની યાદી અને એમણે વાંચેલા પુસ્તકોની યાદી તપાસી લેવી.

(૨) ગેરહાજર વિદ્યાર્થીઓની નોંધ રાખવી અને એની માર્કશીટમાં ગેરહાજર લખવું.

(૩) સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમય આયોજન ખૂબ જ જરૂરી હોય, બે થી ત્રાણ કલાકમાં "૨૫" વિદ્યાર્થીનું મૂલ્યાંકન પૂરૂ કરવા નમ્ર વિનંતી છે.

(૪) જે વિદ્યાર્થીને આપ પ્રથમ રાઉન્ડમાં એટલે વર્ગની સ્પર્ધામાં પસંદ કરો, તેમને સીધી ત્યાં જ જાણ કરવી અને શાળાને જણાવવી. દરેક વર્ગ દીઠ એક વિદ્યાર્થીની પસંદગી કરવાની છે.

**(૫) બાળકોને એમના સ્તર પ્રમાણે જ પ્રશ્ન પૂછવા.**

(૬) ૨૫ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં "બાય"આપવામાં આવી છે. એટલે એમને સીધા જ CRC/QDC સ્તરની સ્પર્ધા માટે મોકલવા. આમ કરતાં એક વર્ગમાં એક કરતા વધારે વિદ્યાર્થીઓ હોય તો પણ એક કરતા વધારે વિદ્યાર્થીઓને CRC /QDC કક્ષાની સ્પર્ધા માટે મોકલવા. એઓ સ્પર્ધામાં ભાગ ન લેતા સીધા વિચારગોષ્ઠિ માટે જશે (જો આયોજન થયું હોય તો).

(૭) બાળક નિરાશ ન થાય એની ખાસ કાળજી રાખશો.

(૮) આપના કવરમાં નીચે જણાવેલ સામગ્રી છે.

(ક) જે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનું છે, તેમની યાદી અને તેમણે વાંચેલા પુસ્તકોની યાદી.

(ખ) આપે કયા વર્ગમાં/ બ્લોક નંબરમાં મૂલ્યાંકન કામગીરી કરવાની છે, તેની વિગતો.

(ગ) સમગ્ર સ્પર્ધાની આંકડાકીય માહિતી, સરેરાશ વંચાયેલ પુસ્તકોની સંખ્યા, ફ્રીકવન્સી પૃથ્થકરણ, જે આપને નિર્ણય લેવામાં સહાયભૂત નીવડી શકે.

(ઘ) આપનો નિર્ણાયક તરીકેનો બેજ.

(૯) આપે જે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું છે, તેમણે વાંચેલા પુસ્તકોની યાદી આપને આપવામાં આવી છે. શક્ય છે કે આપે એ પૈકીના પુસ્તકો ન પણ વાંચ્યા હોય. દરેક નિર્ણાયક માટે આખા રાજ્યમાં આ શક્ય પણ નથી. આથી આપે તો એણે એ વાંચ્યું છે કે નહી અને વાંચ્યું હોય તો શું ગ્રહણ કર્યુ છે, તે અંગે થોડા પ્રશ્નો પૂછવા અને એના આધારે મૂલ્યાંકન કરવું.

(૧૦) આપ બાળકોના પ્રેરણામૂર્તિ બની રહ્યાં છો, આપના અભૂતપૂર્વ સહકાર બદલ અમો આપનો નતમસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ.

સહકારની અપેક્ષા સહ,

આભાર સહ,

લિ.

(નિર્ણાયકોની નિમણૂંક કરનાર અધિકૃત વ્યકિત)